બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ 1921-2021

1819-2019 વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

# યુવા અધિવેશન ૨૦૧૯

## પ્રાથમિક મુખપાઠ

BAPS

સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

# <u>આરતી</u>

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય, દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ... ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્, (૨)
સર્વોપરી કરુણાકર (૨), માનવ તનુધારમ્.. જય. ૧.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ, (૨)
અક્ષરબ્રહ્મ અનાદિ (૨), ગુણાતીતાનંદ.. જય. ૨.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા, (૨)
ધર્મ એકાંતિક સ્થાપક (૨), ભક્તિ પરિત્રાતા.. જય. ૩.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ, (૨)
સુહૃદભાવ અલૌકિક(૨), સ્થાપિત શુભ રીતિ.. જય. ૪.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્, (૨)
યજ્ઞપુરુષ પ્રવર્તિત (૨), સિદ્ધાન્તં સુખદમ્.. જય. ૫.

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ...

## દંડવત્ કરતી વખતે બોલવાના શ્લોકો

કૃપા કરો મુજ ઉપરે, સુખનિધિ સહજાનંદ;
ગુણ તમારા ગાવવા, બુદ્ધિ આપજો સુખકંદ. ° ૧

અક્ષરપુરુષોત્તમ અહીં, પૃથ્વી ઉપર પધારિયા;
અનેક જીવ ઉદ્ધારવા, મનુષ્યતન ધારી રહ્યા. ° ૨

## ઈષ્ટદેવ અને ગુરુપરંપરાની વંદના-સ્તુતિ

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય મુક્તો લઈ,
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી,
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ.° ૧

જે છે અક્ષરધામ દિવ્ય હરિનું, મુક્તો-હરિ જ્યાં વસે,
માયાપાર કરે અનંત જીવને, જે મોક્ષનું દ્વાર છે;
બ્રહ્માંડો અણુતુલ્ય રોમ દિસતાં, સેવે પરબ્રહ્મને,
એ મૂલાક્ષર મૂર્તિને નમું સદા, ગુણાતીતાનંદને.° ૨

શ્રીમન્નિર્ગુણ-મૂર્તિ સુંદર તનુ, જે જ્ઞાનવાર્તા કથે,
જે સર્વજ્ઞ, સમસ્ત સાધુગુણ છે, માયા થકી મુક્ત છે;
સર્વૈશ્વર્યથી પૂર્ણ, આશ્રિતજનોના દોષ ટાળે સદા,
એવા પ્રાગજી ભક્તરાજ ગુરુને, પ્રેમે નમું સર્વદા.° ૩

જેનું નામ રટ્યા થકી મલિન, સંકલ્પો સમૂળા ગયા,
જેને શરણ થયા પછી ભવતણા, ફેરા વિરામી ગયા;
જેનું ગાન દશો દિશે હરિજનો, ગાયે અતિ હર્ષથી,
એવા યજ્ઞપુરુષદાસ તમને, પાયે નમું પ્રીતથી.° ૪

વાણી અમૃતથી ભરી મધુસમી, સંજીવની લોકમાં,
દૃષ્ટિમાં ભરી દિવ્યતા નિરખતા, સુદિવ્ય ભક્તો બધા;
હૈયે હેત ભર્યું મીઠું જનનીશું, ને હાસ્ય મુખે વસ્યું,
તે શ્રી જ્ઞાનજી યોગીરાજ ગુરુને, નિત્યે નમું ભાવશું.° ૫

શોભો સાધુગુણે સદા સરળને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.° ૬

શોભે સૌમ્ય મુખારવિંદ હસતું, નેણે અમી વર્ષતાં
વાણી છે મહિમાભરી મૃદુ વળી, હૈયે હરિ ધારતા;
યોગીરાજ પ્રમુખજી હૃદયથી, જેના ગુણે રીઝતા
વંદું સંત મહંત સ્વામી ગુરુને, કલ્યાણકારી સદા.° ૭

બ્રહ્મરૂપે શ્રીહરિનાં ચરણમાં અનુરાગીએ,
એવી જ આશિષ દાસભાવે હસ્ત જોડી માગીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય,
અક્ષરપુરુષોત્તમ મહારાજની જય,
ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જય,
ભગતજી મહારાજની જય,
શાસ્ત્રીજી મહારાજની જય,
યોગીજી મહારાજની જય,
પ્રમુખસ્વામી મહારાજની જય....
મહંતસ્વામી મહારાજની જય....

• • • •